# હવે, રેલવે બજેટ અલગ નહિ

## આગામી નાણાંકીય વર્ષથી રેલવે માટે અલગ બજેટ નહીં બને : ૯૨ વર્ષના લાંબા ગાળા બાદ રેલવે બજેટની યાત્રા પૂર્ણ થશે : વર્ષ ૧૯૨૪થી ચાલી રહેલી પરંપરાનો અંત આવશે : નાણાં મંત્રાલય રેલવે બજેટને સામાન્ય બજેટમાં મર્જ કરવા માટે સંમતઃ પાંચ સભ્યોની ટીમ બનશે

નવી દિલ્હી,તા. ૧૩

૯૨ વર્ષના લાંબા ગાળા બાદ વર્ષ ૨૦૧૭માં રેલવે બજેટની યાત્રાને હવે પૂર્ણ કરી લેવામાં આવનાર છે. આગામી નાણાંકીય વર્ષથી રેલવે માટે કોઈ અલગથી બજેટ બનાવાશે નહી. આની સાથે જ વર્ષ ૧૯૨૪થી ચાલી રહેલી આ પરંપરાનો સીધીરીતે અંત આવી જશે. નાણાં મંત્રાવય રેલવે બજેટને સામાન્ય બજેટમાં ફેરવી નાંખવા માટેની દરખાસ્ત પર સહમત છે. સરકારી સુત્રોએ એક અગ્રણી અગ્રેઝી અખબાર સાથેની વાતચીતમાં કહ્યુ હતુ કે નાણાં મંત્રાલય દ્વારા પાંચ સભ્યોની એક નિષ્ણાંત ટીમની રચના કરી છે. જે બન્ને બજેટના મર્જના પાસા પર કામ કરશે. આ મર્જ કરવાની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવ્યા બાદ દર વર્ષે રેલવે બજટેના દિવસે રેલવે પ્રધાનના ભાષણને સાંભળવાની તક મળશે નહી. સરકારની આ પહેલ ખુબ જ મહત્વપૂર્ણ છે. કારણ કે તાજેતરના વર્ષોમાં અને ખાસ કરીને વર્ષ ૧૯૯૬ બાદથી આવેલી ગઠબંધન સરકારોમાં રાજનિતી પર દબાણ ધરાવનાર રેલવે બજેટનો ઉપયોગ પોતાની પ્રતિષ્ઠાને વધારી દેવા માટે કરવામાં આવતો હતો. રેલવે મંત્રાલય હમેંશા ક્ષેત્રીય દિગ્ગજ લોકોના હાથમાં રહ્યુ છે. જેથી રેલવે બજેટમાં રેલવે પ્રધાનની રાજકીય પ્રાથમિકતાને પણ મહત્વ આપાતુ હતુ. આ ગાળા દરમિયાન લોકો અને અધિકારીઓ તરફથી જોરદાર વિરોધ થઈ રહ્યો હતો. મંગળવારના દિવસે જ રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ કહ્યુ હતુ કે તેઓ રેલવે અને દેશની અર્થવ્યસ્થાના હિતને ધ્યાનમાં લઈને રેલવે બજેટને સામાન્ય બજેટમાં મર્જ કરવા માટે નાણાંપ્રધાન અરૂણ જેટલીને અપીલ કરી ચુક્યા છે. લોકસભામાં પૂર્ણ બહુમતિ હોવાના કારણે જ ભાજપ રેલવે મંત્રાયલને પોતાના સાથી પક્ષની પાસે રાખવામાં સફળ રહી છે. અંગ્રેજોના સમયથી રેલવે બજેટ રજૂ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. તેની પરંપરા પર પૂર્ણ વિરામ મુકવાની હિલચાલ એ વખતે શરૂ કરાઈ હતી જ્યારે નિતી આયોગના સભ્ય વિવેક દેબરોય અને કિશોર દેસાઈએ આને ખતમ કરવાની સલાહ આપી હતી. મંગળવારના દિવસે સુરેશ પ્રભુએ રાજ્યસભામાં કહ્યું હતું કે, રેલવે અને દેશની અર્થવ્યવસ્થાના હિતમાં નાણા મંત્રાલયને રેલવે બજેટને સામાન્ય બજેટમાં મર્જ કરી દેવા માટે કહેવામાં આવ્યું છે. જો કે, આના માટે કોઈ સમય મર્યાદા નક્કી કરવામાં આવી ન હતી. જો રેલવે બજેટ સામાન્ય બજેટમાં મર્જ થઈ જશે તો રેલવે પર તમામ વિભાગની જેમ બની જશે જેમાં બજેટમાં ફાળવણી કરવામાં આવશે. ખર્ચ અને આવક ઉપર નાણામંત્રાલયની નજર રહે છે. સમગ્ર ફંડ એલોટ થયા બાદ રેલવે તેને જુદા જુદા ઈરાદા સાથે ઉપયોગ કરશે. સુત્રોનું કહેવું છે કે, આની પદ્ધતિ ટપાલ વિભાગની જેમ રહેશે. જ્યાં સુધી રેવન્યુની વાત છે કેન્દ્ર સરકારના સૌથી મોટા કમાણી કરનાર વિભાગ તરીકે રેલવે છે. વર્તમાન નાણાંકીય વર્ષમાં તેની આવક પ્રવાસથી ૧.૮ લાખ કરોડ રૂપિયા રહી હતી. ૨૨મી જૂનના દિવસે એક અગ્રણી અંગ્રેજી અખબારમાં અહેવાલ પ્રકાશિત કરાયા હતા. જેમાં જણાવવામાં આવ્યું હતું કે, સમિતિ બંને બજેટ મર્જ થાય તેમ ઈચ્છે છે.

# પોકમાં પાકિસ્તાની સેના સામે વિરોધ પ્રદર્શન

## ૫૦૦થી વધુ લોકોની સુરક્ષા દળો દ્વારા અટકાયત કરાઈ : પાકિસ્તાનના મામલામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદન બાદ અસર થઈ હોવાનો અહેવાલ : પાકિસ્તાની સેના, સરકારની સામે લોકો મેદાનમાં ઉતર્યા

ગિલગિટ,તા. ૧૩

પાકિસ્તાનના કબજા હેઠળના



કાશ્મીર (પોક)ના ગિલગિટ બાલિસ્તાનમાં સ્થાનિક લોકો દ્વારા જોરદાર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ છે. પાકિસ્તાનના સુરક્ષા દળોની સામે સ્થાનિક લોકોએ હિંસક વિરોધ પ્રદર્શન કર્યા હતા. આ તમામ લોકોએ પાકિસ્તાન સરકાર સામે જોરદાર નારેબાજી કરી હતી. આ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા બાદ સ્થિતી વિસ્ફોટક બની ગઈ હતી. ૫૦૦થી વધારે લોકોની ધરપકડ પણ કરવામાં આવી હતી. અટકાયતમાં લેવામાં આવેલા લોકોમાં પાકિસ્તાનના જાણીતા કાર્યકર બાબા જાનનો સમાવેશ થાય છે. થોડાક દિવસ પહેલા એશિયન માનવ અધિકાર કમીશને પોતાના નિવેદનમાં કહ્યુ હતુકે ગિલગિટ બાલિસ્તાનની પોલીસ દ્વારા લોકો પણ ખુબ અત્યાચાર કરવામાં આવે છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે પોલીસ સ્ટેશન ખુલી ગયા બાદ શાંતિવાળા વિસ્તારમાં અશાંતિ સર્જાઈ ગઈ હતી. પોલીસ સામાન્ય લોકો પાસેથી બળજબરીપૂર્વક પૈસા વસુલ કરી રહી છે. વડાપ્રધાન ગઈકાલે કહ્યુ હતુ કે જમ્મુ કાશ્મીર, લડાખ અને પીઓકે ભારતના જ હિસ્સા છે. મોદીનુ આ નિવેદન પાકિસ્તાનને એક લપડાખ સમાન છે. પાકિસ્તાન છેલ્લા કેટલાક દિવસથી ભારતના વિસ્તારમા ભડકેલી હિંસાને લઈને ઉશ્કેરણીજનક નિવેદન કરી રહ્યુ હતુ. કાશ્મીર ખીણમાં છેલ્લા એક મહિનાથી પણ વધુ સમયથી હિંસા ચાલી રહી છે. આ હિંસામાં હજુ સુધી ૫૬ લોકોના મોત થઈ ચુક્યા છે. પોકમાં સ્થાનિક લોકો હિંસા ઉપર ઉતરી આવ્યા હતા. નારાજ લોકોએ ગિલગિટની શેરીઓમાં ઉતરી જઈને દેખાવો કર્યા હતા. જેના કારણે વિસ્ફોટક સ્થિતી સર્જાઈ ગઈ હતી. આખરે પોલીસને કઠોર કાર્યવાહી કરવાની ફરજ પડી હતી. જેથી ૫૦૦ લોકોને અટકાયતમાં લેવામાં આવ્યા હતા. ચીન-પાકિસ્તાની ઈકોનોમીક ઝોન કોરિડોરને લઈને પણ જોરદાર વિરોધ જારી છે.

સ્થાનિક લોકો લાંબા સમયથી આ પ્રોજેક્ટનો વિરોધ કરી રહ્યા છે. તેમનું કહેવુંછે કે, આનાથી માત્ર ચીન અને પાકિસ્તાનના પંજાબી વેપારીઓને ફાયદો થશે. આ અગાઉ પણ લોકોએ વળતર અને પ્રોજેક્ટનો સ્થાનિક લોકોની સહમતિ નહીં લેવાને લઈને જોરદાર વિરોધ પ્રદર્શન કર્યો હતો. વિરોધ કરી રહેલા લોકોનું કહેવું છે કે, આ પ્રોજેક્ટમાં સ્થાનિક લોકોની હિસ્સેદારી ન હોવાથી લોકો નારાજ દેખાઈ રહ્યા છે. તેમની સામે વિરોધ થઈ રહ્યો છે. ૫૦૦થી વધુ યુવાનો જેલમાં છે. બાબાજાનની ધરપકડ બાદ લોકો રસ્તા ઉપર ઉતરી ગયા હતા. પાકિસ્તાન વ્યાપકરીતે માનવ અધિકારના ભંગની ગતિવિધિમાં સામેલ છે તેવા આક્ષેપ થઈ રહ્યા છે.

### ૧૯૩૯માં શાસ્ત્રીજી મહારાજ તરફથી પત્ર મળતા

# માતા-પિતાની મંજુરી મળતા શાંતિલાલ સંત બની ગયા...

## ૨૨મી નવેમ્બર ૧૯૩૯ના દિવસે જ પ્રમુખ સ્વામીને શાસ્ત્રીજી મહારાજે શાંતિ ભગત નામ આપ્યું હતું


અમદાવાદ,તા. ૧૩

પ્રમુખ સ્વામી મહારાજ સાળંગપુરમાં આજે સાંજે બ્રહ્મલીન થયા હતા. તેમના બ્રહ્મલીન થવાના સમાચાર ફેલાતાની સાથે જ ચારેબાજુ આ સમાચારની ચર્ચા જોવા મળી હતી. તેમના મિત્રો પ્રમુખ સ્વામી મહારાજને હરીદાસ તરીકે પણ બોલાવતા હતા. નાની વયમાં પ્રમુખ સ્વામી મહારાજ શાસ્ત્રીજી મહારાજથી ખુબ જ પ્રભાવિત રહ્યા હતા. સાતમી નવેમ્બર ૧૯૩૯ના દિવસે જ્યારે શાંતિલાલ ૧૭ વર્ષના હતા ત્યારે તેમને તેમના ગુરૂ શાસ્ત્રીજી મહારાજ તરફથી એક પત્ર મળ્યો હતો. જેમાં કહેવાયું હતું કે તેમને સાધુ સંત તરીકે બનીને સેવામાં જોડાઈ જવું જોઈએ.

શાસ્ત્રીજી મહારાજ દ્વારા કરવામાં આવેલા સૂચન બાદ તરત જ તેમના માતા-પિતાએ તેમને મંજુરી આપી દીધી હતી અને શાંતિલાલ ઘર છોડીને શાસ્ત્રીજી મહારાજ અને તેમના સાધુ સંતોની સાથે જોડાઈ ગયા હતા. શાસ્ત્રીજી મહારાજે શાંતિલાલને જુદી જુદી પ્રાથમિક શિક્ષણની માહિતી આપી હતી. જેમાં પ્રસાદ દિક્ષાનો સમાવેશ થાય છે. ૨૨મી નવેમ્બર ૧૯૩૯ના દિવસે અમદાવાદમાં આંબલી-વાડી પોળમાં પ્રસાદ દિક્ષા આપવામાં આવી હતી અને તેમને શાંતિ ભગત નામ આપવામાં આવ્યું હતું. શાસ્ત્રીજી મહારાજના આદેશ પૈકીના એક આદેશને સ્વીકારીને તેઓએ સંસ્કૃતમાં અભ્યાસ કરવા તૈયારી કરી હતી. શાંતિ ભગવત તરીકે તેમની ઓળખ થવા લાગી ગઈ હતી. શાંતિ ભગતે ત્યારબાદ તેમની ઈચ્છાઓ પુરી કરી બતાવી હતી.

૧૦મી જાન્યુઆરી ૧૯૪૦ના દિવસે ગોંડલમાં અક્ષર ડેરી ખાતે શાંતિ ભગતને ભગવતી દિક્ષા આપવામાં આવી હતી અને તેમને સાધુ નારાયણ સ્વરૂપદાસ નામ આપવામાં આવ્યું હતું. આ નામ આપવામાં આવ્યા બાદ શાસ્ત્રીજી મહારાજે આ સંદર્ભમાં વધુ સ્પષ્ટતા કરી હતી અને કહ્યું હતું કે તેમના ચહેરા ઉપર ભગવાનનું તેજ ચમકે છે. જેથી તેમને નારાયણ સ્વરૂપદાસનું નામ તેઓ આપી રહ્યા છે. યોગીજી મહારાજે તેમને નારાયણ સ્વરૂપદાસજી તરીકે આશિર્વાદ આપ્યા હતા. સાધુ નારાયણ સ્વરૂપદાસે આજીવન સેવા કરી હતી.

| | | |
|---|---|---|
| નામ | : | શાંતિલાલ પટેલ |
| જન્મ તારીખ | : | સાતમી ડિસેમ્બર ૧૯૨૧ |
| જન્મ સ્થળ | : | ચાણસદ, વડોદરા |
| બ્રહ્મલીન થયા | : | ૧૩મી ઓગસ્ટ ૨૦૧૬ |
| બ્રહ્મલીન સ્થળ | : | અમદાવાદ-સાળંગપુર |
| ગુરૂ | : | ગુણીતાનંદ, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ |
| સંપ્રદાય | : | સ્વામી નારાયણ |
| સંત બન્યા | : | ૧૭ વર્ષની વયે |



### પ્રમુખસ્વામી બ્રહ્મલીન

● અનુસંધાન પહેલાનું ચાલુ

લીધા હતા. બાપ્સના બ્રહ્મવિહારી દાસ સ્વામીએ હાલમાં જ કહ્યું હતું કે તેઓ બ્રહ્મલીન થયા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે લાખો હરીભક્તો દર્શન કરી શકે તે માટે વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. બે દિવસ બાદ તેમના અંતિમ સંસ્કારની પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેવી શક્યા છે. ૯૫ વર્ષની વયે પહોંચેલા પ્રમુખ સ્વામી મહારાજ હજુ પણ સક્રિય હતા. પરંતુ તેમની છાંતી ઈન્ફેકશન થયું હતું. સાળંગપુર સ્વામી નારાયણ મંદિરમાં છેલ્લા ઘણા સમયથી તેમને સારવાર આપવામાં આવી રહી હતી. ૧૦ તબીબોની ટીમ તેમના આરોગ્ય પર નજર રાખી રહી હતી. પ્રમુખ સ્વામી મહારાજનો જન્મ સાતમી ડિસેમ્બર ૧૯૨૧ના દિવસે થયો હતો. પ્રમુખ સ્વામી મહારાજ હાલમાં બાપ્સ સ્વામી નારાયણ સંસ્થાના પ્રમુખ અથવા તો ગુરૂ તરીકે હતા. બાપ્સ સ્વામી નારાયણ સંસ્થા ઈન્ટરનેશનલ હિન્દુ સોસાયટી તરીકે છે જે ધાર્મિક વિદેશીઓ સાથે જોડાયેલી રહી છે. બાપ્સને સ્વામી નારાયણના પાંચમા અનુગામી તરીકે ગણવામાં આવે છે. ગુણિતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ બાદ પાંચમાં અનુગામી તરીકે તેમને ગણવામાં આવતા હતા. તેમના સત્સંગમાં લાખો લોકો એકત્રિત થતા હતા. શાસ્ત્રીજી મહારાજ પાસેથી ૧૯૪૦માં હિન્દુ સ્વામી તરીકે પ્રમુખ સ્વામી મહારાજ સક્રિય થયા હતા. બાપ્સના સ્થાપક તરીકે શાસ્ત્રીજી મહારાજ હતા. તેઓએ મોડેથી તેમની નિમણૂંક ૧૯૫૦માં બાપ્સના પ્રમુખ તરીકે કરી હતી. યોગીજી મહારાજે પ્રમુખ સ્વામી મહારાજને તેમના અનુગામી તરીકે અને બાપ્સના ગુરૂ તરીકે જાહેર કર્યા હતા. તેઓએ ૧૯૭૧માં તેમની ભૂમિકા શરૂ કરી હતી. બાપ્સના પ્રમુખ તરીકે પ્રમુખ સ્વામી મહારાજે બાપ્સ સંસ્થાને વિશ્વના દેશોમાં પહોંચાડી દેવામાં ભૂમિકા ભજવી હતી.

# ચીનના વિદેશમંત્રીની મોદી, સુષ્મા સાથે વિસ્તૃત વાતચીત

નવીદિલ્હી,તા. ૧૩

ચીનના વિદેશમંત્રી વાંગ ઈ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના સમકક્ષ સુષ્મા સ્વરાજ સાથે વિસ્તારપૂર્વક વાતચીત કરી હતી. આ વાતચીત દરમિયાન ભારતે અન્ય ક્ષેત્રિય અને દ્વિપક્ષીય મુદ્દાઓની સાથે સાથે એનએસજીના મેમ્બરશીપને લઈને મુદ્દો ઉઠાવ્યો હોવાના અહેવાલ મળ્યા છે. વાંગ અને સ્વરાજે વાર્ષિક બ્રિક્સ શિખર બેઠક સાથે સંબંધિત મુદ્દાઓ ઉપર પણ વાતચીત કરી હોવાના અહેવાલ મળ્યા છે. વાર્ષિક બ્રિક્સ શિખર બેઠક ઓક્ટોબર મહિનામાં ગોવામાં યોજાનાર છે.

આ વખતે ભારત યજમાન દેશ તરીકે રહેશે. સુષ્મા સ્વરાજે અન્ય તમામ મુદ્દાઓ ઉપર વાતચીત કરી હતી. બંને વિદેશમંત્રીઓની બેઠકના ફોટોગ્રાફની સાથે સાથે તેમની વચ્ચે થયેલી વાતચીત અંગે વિદેશી



બાબતોના પ્રવક્તા વિકાસ સ્વરુપે માહિતી આપી હતી.

ત્રણ દિવસની ભારત યાત્રાએ વાંગ શુક્રવારના દિવસે ગોવા પહોંચ્યા હતા. તેઓ ગોવાના મુખ્યમંત્રી લક્ષ્મીકાંત પરસેકરને મળ્યા હતા. બ્રિક્સ શિખર બેઠકને લઈને ચાલી રહેલી તૈયારીઓના મુદ્દા ઉપર આ વાતચીત થઈ હતી. તેમણે આશા વ્યક્ત કરી હતી કે, ચીન અને ભારત વચ્ચેના સંબંધો આગામી દિવસોમાં પણ હાલની જેમ જ સામાન્ય રહેશે.

# આજથી અમદાવા-વડોદરા વચ્ચે નવી ટ્રેન

અમદાવાદ,તા. ૧૩

વડોદરાથી અમદાવાદ વારંવાર અવરજવર કરતા લોકો માટે ખુબ સારા સમાચાર છે. વિદ્યાર્થીઓ માટે પણ ખુબ સારા સમાચાર છે. કારણ કે પાસ ધારકો અને વિદ્યાર્થીઓ સહિત દરરોજ અપડાઉન કરતા યાત્રીઓ માટે એક નવી ટ્રેન શરૂ કરવામાં આવી રહી છે. આ ટ્રેનને આવતીકાલે રવિવારે લીલીઝંડી આપવામાં આવશે. ટ્રેનને વડોદરાથી લીલીઝંડી આપવામાં આવશે. નવ વર્ષના લાંબા ગાળા બાદ વડોદરાથી ઉપડીને અમદાવાદ માટેની નવી ટ્રેનને લીલીઝંડી અપાશે. ડેઈલી સ્પેશિયલ ટ્રેન વડોદરા-અમદાવાદ-વડોદરા ૦૯૧૫૧ સવારે ૮.૨૦ વાગે વડોદરાથી ઉપડશે અને ૧૦.૪૦ વાગે અમદાવાદ પહોંચશે. રિટર્ન પ્રવાસમાં આ ટ્રેન ૩.૨૦ વાગે રવાના થશે અને ૫.૩૦ વાગે પહોંચશે. આ ખાસ ટ્રેનમાં સ્લીપર ક્લાસના કોચ, સેકન્ડ ક્લાસ જનરલ કોચ, સેકન્ડ ક્લાસ લગેજ કમ બ્રેક વાન રહેશે.

આ ટ્રેન વાસદ, આણંદ, નડિયાદ, મહેમદાબાદ, ખેડા, બારેજડી, મણિનગર ઉપર રોકાશે. બંને દિશામાં આવતી ટ્રેનના આ તમામ સ્ટેશન રહેશે. લાંબા ગાળાથી અમદાવાદથી વડોદરા માટેની ટ્રેન શરૂ કરવાની માંગ ઉઠી રહી હતી. ઘણા લોકોને આનાથી રાહત થઈ શકે છે. ઘણા યાત્રીઓ હજુ સુધી અમદાવાદ પહોંચવા માટે માર્ગ સેવા ઉપર આધારિત હતા.

